# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

**તારીખ : 28-03-2024** **બપોરે : 2.30 થી 2.35**

**વાર : ગુરુવાર**

**આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી  સમાચાર પૂરા થયા)

## ELECTION COMMISSION

રાજ્યના મુખ્ય ચુંટણી અધિકારી દ્વારા ગુજરાતમાં લોકસભા ચૂંટણી તેમજ પેટા ચૂંટણી માટે તૈયારીઓ સુનિશ્ચિત કરી દેવામાં આવી છે. મતદારોને EPIC કાર્ડ સમયસર મળી જાય તે માટે જરૂરી સુચનાઓ આપી દેવામાં આવી છે.

આચારસંહિતા ભંગ તેમજ ચૂંટણી ખર્ચ પર દેખરેખ માટે કંટ્રોલરૂમ શરૂ કરી દેવાયા છે. તેમજ કોઈપણ મતદારને મત આપવા માટે સમસ્યા ન સર્જાય તે માટે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશો આપી દેવામાં આવ્યા છે. સાથે જ ફ્લાઈંગ સ્કોડ દ્વારા રાજ્યમાંથી રોકડ,સોનું, ચાંદી દારૂ અને ચરસ સહિત 42.62 કરોડની વસ્તુઓ ઝડપી લેવામાં આવી છે. તેમજ સરકારી અને ખાનગી મિલકતો ઉપરથી પ્રચાર સાહિત્ય દૂર કરવામાં આવ્યું છે.

## ELECTION VADODARA

જીલ્લા ચૂંટણી તંત્ર વડોદરા દ્વારા દિવ્યાંગ મતદારો માટે ખાસ આયોજન કરાયું છે. વડોદરા લોકસભા બેઠકની સામાન્ય ચૂંટણી અને વાઘોડિયા વિધાનસભા બેઠકની પેટાચૂંટણી અન્વયે મહત્તમ મતદાન થાય તે માટે જીલ્લા ચૂંટણીતંત્ર દ્વારા વિશેષ કાળજી લેવાઇ રહી છે. જે અંતર્ગત વડોદરા શહેર તથા જીલ્લાના કુલ 24 હજાર 897 દિવ્યાંગ મતદારો માટે સુવિધાયુક્ત વાતાવરણ પૂરું પાડવા જીલ્લા ચૂંટણી તંત્ર સજ્જ બન્યું છે. વડોદરામાં વિધાનસભા દીઠ એક સહિત કુલ 10 દિવ્યાંગ મતદાન મથકોનું સંચાલન દિવ્યાંગ અધિકારી કર્મચારીઓને સોંપવામાં આવ્યું છે. દિવ્યાંગજનો ચૂંટણીપ્રક્રિયામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી વિના ભાગ લઇ શકે તે ઉદ્દેશથી ચૂંટણીપંચ દ્વારા શરૂ કરાયેલી સક્ષમ એપ્લીકેશન મૂલ્યવાન સાધન બની રહી છે.

## VOTING AWARENESS

રાજકોટમાં મતદાન જાગૃતિ અંગે દરરોજ અનેક કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને યુવા છાત્રો મતદાન માટે પ્રેરાય તે માટે શાળા-કોલેજોમાં વિવિધ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ જોડાઈ રહ્યા છે.

રાજકોટની એમ.એમ. પટેલ કન્યા છાત્રાલય ખાતે મહેંદી અને હેર સ્ટાઈલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીનિઓએ કલાત્મક ડિઝાઇન સાથે મતદાન અંગેના વિવિધ સ્લોગન ચિતરાવી જનજાગૃતિ ફેલાવી હતી.

જયારે મઝહર કન્યા વિદ્યાલય ખાતે 'મતદાન એ જ મહાદાન', 'ચૂંટણીના આધાર સ્થંભો વગેરે વિષયક નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. થોરાળા વિસ્તારની સરસ્વતી માધ્યમિક કન્યા વિદ્યાલય ખાતે રંગોળી સ્પર્ધા, માસુમ વિદ્યાલય ખાતે ચિત્ર સ્પર્ધાના આયોજન કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત વકૃત્વ સ્પર્ધા તેમજ મોકપોલ દ્વારા મતદાન અંગે પણ વિદ્યાર્થીઓને સમજ પૂરી પાડવામાં આવી રહી છે.

**ELECTION**

આણંદમાં લોકસભાની સામાન્ય ચૂંટણીની તારીખ જાહેર થતાં જ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં આદર્શ આચારસંહિતાનો અમલ કરવા ચૂંટણી તંત્ર દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે.

ચૂંટણી સંબંધી કોઈ પણ પ્રકારની જાણકારી મેળવવા કે ફરિયાદ કરવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૦૫૮૮ પણ કાર્યરત કારાયો છે. જ્યારે કામકાજના દિવસોમાં કચેરી સમય દરમિયાન હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર ફોન કરીને જાણકારી મેળવી શકાય છે. તેવી જ રીતે ચૂંટણી સંબંધી કોઈપણ ફરિયાદ માટે C-vigil મોબાઇલ એપનો ઉપયોગ કરી ચૂંટણી સંબંધી કોઈપણ ફરિયાદ કરી ફોટો કે વીડીયો મોકલી શકાય છે. આ ફરિયાદ મળ્યાની ૧૦૦ મિનિટની અંદર તેનો તાત્કાલિક નિકાલ કરવામાં આવે છે. જિલ્લામાં અત્યારસુધીમાં સી-વિજીલ એપ દ્વારા મળેલી ૨૯૨ ફરિયાદોનું નિવારણ કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લામાં યુવાન મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ દરમિયાન કોઈ પણ નાગરિકને ચૂંટણી અંગે ઉમેદવાર કે આદર્શ આચાર સંહિતાના ભંગ અંગે ફરિયાદ કરવી હોય તો c-VIGIL એપના માધ્યમથી ફરિયાદ કરી શકે છે, જિલ્લાના દરેક નાગરિકો, યુવાઓને 'ચૂંટણી પર્વ- દેશ કા ગર્વ' અભિયાનમાં ભાગીદાર બનવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## SCHOLARSHIP EXAMINATION-MEHSANA

મહેસાણા જિલ્લામાં આગામી 30 મી માર્ચે ધોરણ 5 માં અભ્યાસ કરતા વિધાર્થીઓ માટેની કોમન એન્ટરન્સ ટેસ્ટ અને ધોરણ 8માં અભ્યાસ કરતા વિધાર્થીઓ માટેની મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપની પરીક્ષા યોજાશે.

જિલ્લાના 192 કેન્દ્રોમાં કુલ 47 હજાર 814 વિધાર્થીઓની પરીક્ષા લેવાશે. પરીક્ષામાં પાસ થનાર વિધાર્થીઓને આગામી વર્ષમાં ધોરણ 6માં અને ધોરણ 9માં સ્કોલરશીપ દ્વારા પ્રવેશ મળશે.

## UGC-PHD NOTIFICATION

દેશની તમામ યુનિવર્સિટીઓ શૈક્ષણિક સત્ર 2024-25 થી પીએચડીમાં પ્રવેશ માટે અલગ પ્રવેશ પરીક્ષાઓને બદલે નેટ સ્કોરનો ઉપયોગ કરશે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના અધ્યક્ષ એમ. જગદેશ કુમારે સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે, શૈક્ષણિક સત્ર 2024-25 થી, પીએચડીમાં પ્રવેશ માટે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા લેવામાં આવતી પ્રવેશ પરીક્ષાઓની જગ્યાએ નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ-નેટ સ્કોરનો ઉપયોગ કરી શકાય છે. તેમણે કહ્યું કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી આ અંગે કામ કરી રહી હોવાથી જૂન 2024ના સત્ર માટે NET એપ્લિકેશન પ્રક્રિયા વિશેની વિગતવાર માહિતી આગામી અઠવાડિયે ઉપલબ્ધ થવાની શક્યતા છે.

## REGISTRATION IN ENGINEERING AND PHARMACY

ધોરણ – 12 પછીની ડિગ્રી એન્જિનિયરિંગ, ફાર્મસી કોર્સની બેઠકોમાં 2024-25માં પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કરાયો છે.

ડિગ્રી એન્જિનિયરિંગમાં બીજી એપ્રિલથી 15મી મે સુધી રજિસ્ટ્રેશન પ્રક્રિયા ચાલશે. જ્યારે ફાર્મસીમાં નવ એપ્રિલથી 28મી મે સુધી રજિસ્ટ્રેશન કરી શકશે. રેગ્યુલર વિદ્યાર્થી, શિક્ષણ બોર્ડની ઈમ્પ્રૂવમેન્ટ એકઝામ આપનારા તેમજ પૂરક પરિક્ષા આપનારા વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન પ્રક્રિયા ભાગ લઈ શકશે.

પ્રથમ રાઉન્ડમાં રજિસ્ટ્રેશન ન કરનારા નોન રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓ માટે 21મીથી 25મી જૂન દરમિયાન પ્રવેશ કાર્યવાહી રાખવામાં આવી છે.